
# આસપાસ ચોપાસ




## દેલાડના પાટીદાર સમાજના દંપતીનો સમાજ, સહકારી ક્ષેત્રે તથા ગામના વિકાસમાં ફાળો





દેલાડ ગામમાં પટેલ પરિવારમાં જન્મેલા જયંતીભાઈ દલપતભાઈ પટેલની ઓળખ જે.ડી.પટેલથી થાય છે. તેમનો જન્મ ૧૯૬૨માં ખેડૂત પરિવારમાં થયો હતો. તેમણે ગામની પ્રાથમિક શાળામાં એકથી ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ સાયણની ડી.આર.જી.ડી. સાર્વજનિક હાઈસ્કૂલ ધોરણ-૧૧-૧૨ સાયન્સમાં કઠોરની ગલિયારા હાઈસ્કૂલમાં કર્યા બાદ મેન મેઈક ટેક્સટાઈલ રિસર્ચ એસોસિયન સુરતમાં પાર્ટ ટાઈમ વિવિંગ કોર્સ અને ફુલ ટાઈમ ડિપ્લોમા ઈન ટેક્સટાઈલ એન્જિનિયરિંગ કર્યું હતું. ૨૭ મે-૧૯૮૬ના રોજ તેમનાં લગ્ન ઓલપાડના સોંસક ગામના બાલુભાઈ ડાહ્યાભાઈ પટેલની પુત્રી શર્મિષ્ઠાબેન સાથે થયાં હતાં. તત્કાલીન સુરતના ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ ટેલરના માર્ગદર્શનથી તેઓ ૧૯૯૯માં ભાજપ સાથે જોડાયા હતા. લગ્ન પછી પિતાના મામાના દીકરા ભટગામના એ.કે. પટેલ રોડ કોન્ટ્રાક્ટર સાથે પાવરલૂમ્સ ફેક્ટરીમાં ૧૯૮૭માં ભાગીદાર તરીકે જોડાયા હતા. તેઓ ૨૦૦૩થી ૨૦૦૬ ઓલપાડ તાલુકા ભાજપ મહામંત્રી રહ્યા હતા. ૨૦૧૦માં સાયણ જિલ્લા પંચાયત ભાજપના ઉમેદવાર તરીકે કોંગ્રેસના દર્શન નાયક સામે એક મતે હાર થઈ હતી. જ્યારે ૨૦૧૩થી ૨૦૧૬ ઓલપાડ તાલુકા ભાજપ મહામંત્રી, ૨૦૦૫થી ૨૦૨૬ સુરત ઓલપાડ, ચોર્યાસી કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટી, કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોધ્ધાર ટ્રસ્ટમાં ટ્રસ્ટી, કામરેજ સુગર ફેક્ટરીમાં ૨૦૦૮થી ૨૦૧૫ ફરી ૨૦૧૫થી ૨૦૨૦ બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. તેમનાં પત્ની શર્મિષ્ઠાબેનને રાજકારણમાં આવવાની અનિચ્છા હતી. પરંતુ પતિ જે.ડી.પટેલ ઓલપાડ ભાજપ મહામંત્રી હોવાથી તેમણે ૨૦૦૪માં સ્થાનિક સ્વરાજ ચૂંટણીમાં સામાન્ય મહિલા સીટ ગોથાણ ઉપર અન્ય મહિલા ઉમેદવારી કરવા તૈયાર ન થતાં તેમણે ફરજિયાત તેમની પાસે ઉમેદવારી કરાવી હતી. બાદ દેલાડ ગામ અન્ય જિલ્લા પંચાયતમાં આવતું હોવા છતાં સાયણ જિલ્લા પંચાયતની સામાન્ય મહિલા બેઠક ઉપરથી ૨૦૧૫માં ચૂંટણી લડી સુરત જિલ્લા પંચાયત સદસ્ય અને હળપતિ અને ભૂમિહિત ખેત મજૂરોના આવાસ બાંધકામ સમિતિનાં અધ્યક્ષા તરીકે પાંચ વર્ષ સેવા આપી હતી. હાલમાં શર્મિષ્ઠાબેન ઓલપાડ તાલુકા ભાજપના ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. દંપતીનો સમાજ, સહકારી ક્ષેત્રે તથા દેલાડ ગામના વિકાસમાં ફાળો રહ્યો છે.



## વોટરજેટને લઈ પાણી ૧૫૦-૧૬૦ ફૂટ ચાલ્યા ગયા

ગામના હર્ષદભાઈ દુર્લભભાઈ આહિરના જણાવ્યા મુજબ અમારા ગામમાં ઈન્ડસ્ટ્રિઝ દ્વારા નંખાયેલા વોટરજેટ મશીનોના લીધે ભૂગર્ભ જળસ્તર ૪૦-૪૫ ફૂટથી ઊંડા ઊતરીને ૧૫૦-૧૬૦ ફૂટે પહોંચી જતાં ગ્રામજનો અને ખેડૂતો માટે પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. બોરિંગમાંથી બેફામ પાણી ખેંચાતા ખેતીના ઉત્પાદનને મોટું નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત, ઈટીપી પ્લાન્ટ વગર જ ખુલ્લામાં છોડાતા કેમિકલયુક્ત પાણીને કારણે પશુઓ બીમાર પડી રહ્યાં છે. રજૂઆતો છતાં સ્થાનિક તંત્ર મૌન છે. બીજી તરફ સ્થાનિકોને રોજગારી આપતી આ ઈન્ડસ્ટ્રિઝ માટે નજીકના પરિયા ગામમાં ટૂંક સમયમાં ઈટીપી પ્લાન્ટ તૈયાર થઈ રહ્યો છે, જેથી વોટરજેટનું પાણી રિસાઈકલ કરી પુનઃ ઉપયોગમાં લઈ શકાશે.

## કોરોના મહામારીમાં દેલાડ ગ્રામ પંચાયતની સહાયરૂપ કામગીરી

સને-૨૦૨૦માં કોરોના મહામારી દરમિયાન સરકારે લાદેલા લોકડાઉનના કપરા સમયમાં દેલાડ ગ્રામ પંચાયતે સરાહનીય અને માનવતાવાદી સેવા પૂરી પાડી હતી. ગામના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને ભૂખ્યા ન રહેવું પડે એ માટે દેલાડના સરપંચ, ઉપસરપંચ અને તલાટીએ ગામમાં ઘરે-ઘરે ફરીને યથાશક્તિ દાન એકત્રિત કર્યું હતું. આ દાનમાંથી રાશનકિટ તૈયાર કરીને પંચાયત દ્વારા તમામ જરૂરિયાતમંદો સુધી પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત, જ્યારે સરકારે પરપ્રાંતિય શ્રમિકો માટે સ્પેશિયલ ટ્રેન સેવા શરૂ કરી, ત્યારે પંચાયતની ટીમે સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમણે ગામમાં રહેતા ૧૨૦૦ જેટલા પરપ્રાંતિય લોકોનું કાયદેસર બુકિંગ કરાવી, તમામ વ્યવસ્થા પૂરી પાડીને તેમને સુરક્ષિત રીતે તેમના વતન રવાના કર્યા હતા. લોકડાઉનના આ મુશ્કેલ સમયમાં દેલાડ ગ્રામ પંચાયતની આ કામગીરી અન્ય ગામો માટે પ્રેરણારૂપ બની રહી હતી.




## સમાજ સેવા અને સહકારી ક્ષેત્રમાં રાકેશ પટેલનો અનુભવ



ક્રિકેટના શોખીન એવા રાકેશ ઠાકોરભાઈ પટેલે સહકારી અને સામાજિક ક્ષેત્રે ઉમદા યોગદાન આપી લોકપ્રિયતા મેળવી છે. તેમણે 'શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ'માં ૧૧ વર્ષ સુધી પ્રમુખ તરીકે સેવા આપી છે અને હાલમાં પણ ડિરેક્ટર તરીકે કાર્યરત છે. ઉપરાંત તેઓ ૧૪ વર્ષ સોંસક કોટન મંડળી, ૬ વર્ષ દેલાડ દૂધમંડળી અને છેલ્લાં ૧૫ વર્ષથી દેલાડ સેવા સહકારી મંડળીમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. સામાજિક ક્ષેત્રે તેઓ 'જીવનરક્ષા હોસ્પિટલ'માં ૬ વર્ષથી પ્રમુખ તરીકે સેવા આપે છે. સાથોસાથ જહાંગીરપુરા સ્થિત કુરુક્ષેત્ર સ્મશાનભૂમિમાં આમંત્રિત ટ્રસ્ટી અને ઓલપાડ કોલેજના ટ્રસ્ટી તરીકે પણ ૨ વર્ષ સુધી યોગદાન આપી ચૂક્યા છે.




## સને-૧૯૦૯થી શરૂ થયેલી પ્રાથમિક શાળા આજે પણ અડીખમ

દેલાડ ગામ શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક વિરાસત ધરાવે છે. તા.૧ સપ્ટેમ્બર-૧૯૦૯ના રોજ સ્થપાયેલી દેલાડ પ્રાથમિક શાળા આજે ૧૧૬થી વધુ વર્ષો બાદ પણ ગામના શૈક્ષણિક અને સામાજિક વિકાસમાં અડીખમ ઊભી છે. હાલમાં બાલવાટિકાથી ધોરણ-૫ સુધીનું શિક્ષણ આપતી આ શાળામાં તમામ વર્ગનાં બાળકો ભેદભાવ વગર અભ્યાસ કરે છે. અભ્યાસની સાથે રમતગમત અને ઈતર પ્રવૃત્તિઓમાં પણ વિદ્યાર્થીઓ અગ્રેસર રહે છે. ગામલોકો તરફથી વર્ષમાં ૨૦થી વધુ વખત તિથિ ભોજન આપી સ્નેહભાવ દર્શાવવામાં આવે છે. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સરકારી સેવા, તબીબ, ટેક્નોલોજી, વ્યવસાય અને ખેતી જેવાં વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવી ગામનું નામ રોશન કર્યું છે. 'શિક્ષણ સાથે સંસ્કાર અને સંસ્કાર સાથે સફળતા'નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી આ શાળા સમગ્ર વિસ્તાર માટે ગૌરવરૂપ છે.

## દેલાડ ગામના પ્રિન્સે ક્રિકેટમાં ઇંગ્લેન્ડની ધરતી પર ધમાલ મચાવી




દેલાડ ગામના લક્ષ્મી રો-હાઉસમાં રહેતો પ્રિન્સ પરેશ પટેલ ઈંગ્લેન્ડમાં ક્રિકેટમાં ગામનું નામ રોશન કરી રહ્યો છે. તેના પિતા પરેશ પટેલ પણ સુરત જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ખેલાડી છે અને હાલ ઓલપાડની વડોલી પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. પ્રિન્સે સુરત શહેરની એમટીબી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કર્યો છે. છેલ્લાં પાંચ-છ વર્ષથી ઈંગ્લેન્ડ ખાતેની સાવિલ સ્ટાર સી.સી. ક્લબ લંડન વતી રમી રહ્યો છે. સને-૨૦૨૩માં તેણે ૧૧ ફિફ્ટી અને એક સદી સાથે ૯૪૨ રન ફટકારી ઓરેન્જ કેપ મેળવી તેની ટીમને ચેમ્પિયન બનાવવામાં સિંહફાળો આપ્યો હતો. આ યુવા ખેલાડીએ મીનવૂડ સી.સી. ક્લબ સામે રમતા ધુંઆધાર બેટિંગ કરી ૮૯ બોલમાં ૨૩૨ રન કરી ક્રિકેટ દર્શકોને પ્રભાવિત કર્યા હતા. હાલ પણ ૧૦૦ બોલની ટુર્નામેન્ટમાં ૭૫૬ રન ૧૭૦.૨૭ની સરેરાશથી બનાવી ઓરેન્જ કેપ મેળવી છે. ઉપરાંત ૧૮ વિકેટ સાથે પર્પલ કેપ મેળવી ચૂક્યો છે.



## ગાંધીજીના સ્વપ્નના આધારે મંડળીની સ્થાપના થઈ

દેલાડ ગામ વિકાસ સહકારી મંડળીની સ્થાપના ૧૯૪૯માં દયાળજીભાઈ ગોવિંદભાઈ પટેલે કરી હતી. ત્યારબાદ ૧૯૬૦માં પાણીની ટાંકી બની અને ૧૯૬૮ પહેલી વખત વીજળી આવી. ત્યાર પછી દરેક ઘરોમાં દેલાડ ગામ વિકાસ સહકારી મંડળી મારફતે નળ મારફતે પાણી વ્યવસ્થા થઈ હતી. આજે આ મંડળી ગામમાં મિનરલ વોટરની વ્યવસ્થા કરી રહી છે. પાયામાં મંડળીની વડીલોએ સ્થાપના કરી હતી. જેથી સ્વચ્છ પાણી મળી રહે અને ગાંધીજીનું સ્વપ્ન હતું તેના આધારે મંડળીની સ્થાપના થઈ હતી.

## દેલાડ ગામમાં ક્રિકેટ ગ્રાઉન્ડ બનતાં ક્રિકેટપ્રેમીઓમાં ઉત્સાહ

દેલાડ ગામના સાત્વિકસિંહ સુરેન્દ્રસિંહ ખેરે પોતાના ખેતરને લેવલ કરીને 'રિધન ક્રિકેટ ક્લબ' નામે એક સુંદર ક્રિકેટ ગ્રાઉન્ડ તૈયાર કર્યું છે. છેલ્લાં ત્રણ વર્ષમાં આ ગ્રાઉન્ડ પર યુનિટી, સાયણ, રાજપૂત સમાજ, માહ્યાવંશી સમાજ, સાયણ મુસ્લિમ અને દેલાડ પ્રીમિયર લીગ સહિત તમામ એકેડેમી અને જિલ્લા કક્ષાની ૯ જેટલી ટુર્નામેન્ટ્સનું સફળ આયોજન થઈ ચૂક્યું છે.



## દેલાડની જીવનરક્ષા હોસ્પિટલની સુવિધાઓ




શ્રી સાયણ ખાંડ ઉદ્યોગ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જીવનરક્ષા હોસ્પિટલ, દેલાડ ખાતે દર્દીઓ માટે ઉત્કૃષ્ટ આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. ગ્રામ પંચાયત દ્વારા હોસ્પિટલ પરિસરમાં કમ્પાઉન્ડ વોલ, આર.સી.સી. રોડ અને પેવર બ્લોકની કામગીરી કરવામાં આવી છે. ઉપરાંત ધારાસભ્ય મુકેશભાઈ પટેલની ગ્રાન્ટમાંથી રૂ.૨૮.૫૦ લાખના ખર્ચે અદ્યતન એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં ૨૪ કલાક ઈમર્જન્સી, ICCU, NICU, એડ્વાન્સ ઓપરેશન થિયેટર, ડાયાલિસિસ, ફિઝિયોથેરાપી, લેબોરેટરી, ડિજિટલ એક્સ-રે, સોનોગ્રાફી, ફાર્મસી, કેન્ટીન, સબઘર તેમજ આયુષ્માન કાર્ડ યોજના હેઠળ મફત સારવારની સુવિધા છે. અહીં MD મેડિસિન, જનરલ સર્જન, ઓર્થોપેડિક, ગાયનેકોલોજિસ્ટ, પીડિયાટ્રીશિયન, કાર્ડિયોલોજિસ્ટ, ન્યુરોફિઝિશિયન અને ENT જેવા નિષ્ણાત તબીબો સેવા આપે છે. દર્દીઓ માટે જનરલ વોર્ડ, સેમી-સ્પેશિયલ, સ્પેશિયલ અને ડિલક્સ રૂમની વ્યવસ્થા ઉપલબ્ધ છે.





## સુરબાઈ માતાની સાથે રાધાકૃષ્ણ ઠાકોરજીનાં દર્શન

દેલાડ ગામમાં દાંડીકૂચ ગાંધી સ્મારક સામે સુરબાઈ માતાજીનું મંદિર આવેલું છે. લોકવાયકા મુજબ માતાજી પર બે-ત્રણ વાર દેરી બનાવાઈ, પરંતુ તે આપોઆપ તૂટી જતી હતી. જેથી માતાજીને ખુલ્લામાં રાખી ૧૯૮૪-૮૫માં બાજુમાં રાધા-કૃષ્ણ ઠાકોરજીનું મંદિર બનાવાયું. આજે ભક્તો માતાજી સાથે ઠાકોરજીના દર્શનનો લાભ મેળવે છે.








(માહિતી સંકલન અને તસવીરઃ જયેશ પટેલ, સાયણ)